# સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડ હવે યુકેથી આઝાદ થવા માગે છે

**આ** ત્રણેય પ્રદેશોના નેતાઓએ યુકેથી જુદા થવા માટેની માગના સંયુક્ત સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા



કાર્ડિફ, તા. ૧૪: સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડના નેતાઓએ આઝાદી માટેની એક નવી માગમાં હાથ મિલાવ્યા છે. તેમણે જાહેરાત કરી છે કે તેમના દેશોને બ્રિટિશ સંસદની કોઇ પણ દખલગીરી વગર પોતાનું બંધારણીય ભવિષ્ય નક્કી કરવાનો અધિકાર છે. સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર જ્હોન સ્વાઈની, પ્લેઇડ કાઈમરુના નેતા રુન આપ ઈઓરવર્થ અને સિન ફેનના વાઈસ પ્રેસિડેન્ટ મિશેલ ઓ'નીલે સોમવારે કાર્ડિફમાં સિન ફેનના પ્રમુખ મેરી લુ મેક્ડોનાલ્ડની હાજરીમાં એક સંયુક્ત સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ રાષ્ટ્રીય નેતાઓએ જણાવ્યું હતું કે, બંધારણીય ફેરફારો કેવી રીતે અને ક્યારે થવા જોઈએ તે અંગે મતભેદો હોવા છતાં, તેમના પક્ષો યુનાઈટેડ કિંગડમથી અલગ થઈને આઝાદી મેળવવા માટે પ્રતિબદ્ધ છે. સ્કોટલેન્ડના જ્હોન સ્વાઈની અને નોર્ધન આયર્લેન્ડના મિશેલ ઓ'નીલે જનમત લેવાની માગને સમર્થન આપ્યું હતું, જ્યારે વેલ્સના રુન આપ ઈઓરવર્થે મતદાન માટે કોઈ ચોક્કસ સમયસીમા નક્કી કરવાનું ટાળ્યું હતું. આ કરારમાં આ બેઠકને સમગ્ર યુકેમાં આઝાદીની ચળવળો માટે એક મહત્વપૂર્ણ ક્ષણ ગણાવવામાં આવી હતી. આ નેતાઓએ બ્રિટિશ સરકારને દરેક ક્ષેત્રમાં બંધારણીય ફેરફારો માટે તૈયારી કરવા, યોજના બનાવવા અને તેને સરળ બનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે દરેક રાષ્ટ્રે પોતાની પરિસ્થિતિ અનુસાર પોતાનું ભવિષ્ય નક્કી કરવું જોઈએ. તેમણે કહ્યું, અમારા રાષ્ટ્રોને આત્મનિર્ણયનો અધિકાર છે. યુકેની કોઈ પણ સરકારને લોકશાહીને રોકવાનો અથવા 'અમારા લોકો જ પોતાનું ભવિષ્ય નક્કી કરશે' તે સિદ્ધાંતને નબળો પાડવાનો અધિકાર નથી.

# યમનના હુથીઓએ વધુ ટાપુઓ કબજે કર્યા

**અમેરિકાનું** જીબુટી બેઝ તેમની રેન્જમાં આવી ગયું

**મયુન** ટાપુ પછી હાનીશ ટાપુઓ પણ કબજે કર્યા: સાઉદીના મર્યાદિત હુમલા છતાં આગેકૂચ ચાલુ રહી

**રાતા** સમુદ્રના મહત્વના ક્રૂડ માર્ગ પર હુથીઓની પકડ વધુ મજબૂત બની, ઇરાનને લાભ થવાની વકી, ક્રૂડના વૈશ્વિક ભાવો પર વધુ દબાણ આવશે

કેરો, તા. ૧૪: ઈરાનનો ટેકો ધરાવતા યમનના હુથી બળવાખોરોએ વધુ આગેકૂચ કરી છે અને તેમણે રાતા સમુદ્રમાં વધુ કેટલાક વ્યુહાત્મક ટાપુઓ કબજે કર્યા છે. રાઈફલો અને એઆઈથી સજ્જ ઈરાન સમર્થિત આ સશસ્ત્ર જૂથનો હુમલો એટલો તીવ્ર રહ્યો છે કે તેમણે આફ્રિકામાં આવેલા અમેરિકાના એકમાત્ર સૈન્ય મથક - જીબુટી સ્થિત 'કેમ્પ લેમોનિયર'ને પણ પોતાના એટેક ડ્રોન અને બેલિસ્ટિક મિસાલોની અરેન્જમાં લાવી દીધું છે.

મોટા અને નાના હનીશ ટાપુઓ પરનો આ કબજો એવા સમયે આવ્યો છે જ્યારે સાઉદી સમર્થિત સરકારી દળોએ વીકએન્ડ દરમિયાન ફરી સંગઠિત થઈને લડત આપવાનો પ્રયાસ કર્યો હતો. આ લડત વિદ્રોહીઓની બાબ અલ-મંદેબ સમુદ્રધૂની આસપાસની ઝડપી આગકૂચ પછી કરવામાં આવી હતી, જે હોર્મુઝ સ્ટ્રેટના વિકલ્પ તરીકેનો એક મહત્વનો માર્ગ છે. હૂથી વિદ્રોહીઓની આ નવી સફળતા તેમને સાઉદી ક્રૂડ ઓઈલના શિપમેન્ટ માટે વધુ મોટો ખતરો બનાવવાની તક આપે છે. સાઉદી અરેબિયા આ તેલ શિપમેન્ટ માટે રાતા સમુદ્રનો ઉપયોગ હોર્મુઝ સામુદ્રધૂનિના વિકલ્પ તરીકે કરતું રહ્યું છે, જ્યાં ઈરાન જહાજો પર હુમલા કરી રહ્યું છે. હુથીઓની આ આગેકૂચ ખાસ કરીને સાઉદી ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રેડ સીમાં તેના જહાજો પર હૂથી હુમલાઓ– વૈશ્વિક ઓઈલ પુરવઠા અને ભાવ પર દબાણ વધારે છે, અને આ સ્થિતિ અમેરિકા સાથેના યુદ્ધમાં ઈરાનને વધારાનું દબાણ બનાવવાની શક્તિ આપી શકે છે. ક્રૂડ માટે મહત્વના જળમાર્ગ પર આ સાથે હુથીઓની પકડ વધુ મજબૂત થઇ ગઇ છે.

## પેરિમ તરીકે પણ ઓળખાતો મયુન ટાપુ ખૂબ વ્યહાત્મક મહત્વ ધરાવે છે

મયૂન, જે પેરિમ તરીકે પણ ઓળખાય છે, તે બાબ અલ-મંદેબ સામુદ્રધુનીની મધ્યમાં આવેલો એક નાનો જ્વાળામુખી ટાપુ છે, જે લાલ સમુદ્રને એડનની ખાડી અને હિંદ મહાસાગર સાથે જોડે છે. આ એશિયા અને યુરોપ વચ્ચેના વેપાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ ટાપુ આ સાંકડા જળમાર્ગને બે શિપિંગ ચેનલોમાં વિભાજિત કરે છે. રોઇટર્સના અહેવાલ મુજબ, આ સામુદ્રધુની તેના સૌથી સાંકડા બિંદુએ લગભગ 29 કિમી પહોળી છે, જે તેને વિશ્વના સૌથી સંવેદનશીલ માર્ગોમાંથી એક બનાવે છે.

## સાઉદી ઓઇલ પાઇપલાઇન પર ડ્રોન હુમલો

કેરો, તા. 14 (એપી): સાઉદી અરેબિયાની અત્યંત મહત્વપૂર્ણ પૂર્વ-પશ્ચિમ ઓઇલ પાઇપલાઇન પર થયેલા ડ્રોન હુમલા બાદ તેનું સમારકામ કરવામાં 3થી 5 સપ્તાહનો સમય લાગી શકે છે, જેના કારણે તે અઠવાડિયાઓ સુધી મોટાભાગે બંધ રહેશે. પ્રાદેશિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સમારકામ દરમિયાન તેલનો પુરવઠો અત્યંત મર્યાદિત થઈ જશે. વૈશ્વિક બજારમાં ક્રૂડ તેલની અછતની ચિંતા વચ્ચે તેલના ભાવમાં 2 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે. ઈરાન સાથેના સંઘર્ષના કારણે પર્સિયન ગલ્ફમાંથી હોર્મુઝની સામુદ્રધુની દ્વારા થતી નિકાસ ખોરવાઈ જતાં, સાઉદી અરેબિયા 1200 કિલોમીટર લાંબી આ પૂર્વ-પશ્ચિમ પાઇપલાઇન પર નિર્ભર હતું. આ પાઇપલાઇન ગલ્ફના બંદરોથી તેલને લાલ સમુદ્રના યાનબુ બંદર સુધી પહોંચાડે છે, જ્યાંથી ટેન્કરો દ્વારા નિકાસ થાય છે. આ પાઇપલાઇનની કુલ ક્ષમતા દૈનિક 70 લાખ બેરલની છે અને હુમલા પહેલા તેમાંથી દરરોજ આશરે 40 લાખ બેરલ તેલનું વહન થતું હતું, જે વિશ્વના કુલ તેલ પુરવઠાના લગભગ 4 ટકા જેટલું છે. સાઉદી સરકારે ઈરાક સ્થિત ઈરાન સમર્થિત મિલિશિયાના ડ્રોન હુમલાને આ નુકસાન માટે જવાબદાર ઠેરવ્યું છે.




## ગણેશ ચતુર્થી 2026: અંબાણી પરિવાર, શિલ્પા શેટ્ટી, સુનીતા આહુજાએ બાપ્પાનું સ્વાગત કર્યું




મુંબઈ, 14:અંબાણી પરિવાર દ્વારા આયોજિત ભવ્ય ગણપતિ ઉત્સવથી લઈને શિલ્પા શેટ્ટી, અંકિતા લોખંડે, સુનીતા આહુજા અને અન્ય સ્ટાર્સ દ્વારા આયોજિત અંગત ઉત્સવો સુધી, 14 સપ્ટેમ્બરથી 10 દિવસીય ગણેશ ચતુર્થી 2026ની શરૂઆત થતાં જ સેલેબ્સે બાપ્પાનું ઘરમાં સ્વાગત કર્યું હતું.અંબાણી પરિવાર દ્વારા કરવામાં આવેલા ભવ્ય ગણપતિ આગમનના વીડિયો ફોટોગ્રાફર્સના સોશિયલ મીડિયા પેજ પર શેર કરવામાં આવ્યા હતા. અનંત અંબાણી અને રાધિકા અંબાણી પૂજા-વિધિ કરતાં જોવાં મળ્યાં હતાં. મુંબઈમાં ભારે વરસાદ છતાં શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુંદ્રાએ પણ પોતાના ઘરે બાપ્પાનું સ્વાગત કર્યું હતું. શિલ્પાની આ વર્ષની ગણેશજીની મૂર્તિ મુંબઈના આઇકોનિક 'લાલબાગચા રાજા'નું નાનું સ્વરૂપ છે. હંસિકા મોટવાણી પ્રેમ અને ભક્તિભાવ સાથે બાપ્પાને ઘરે લાવતી જોવા મળી હતી, જ્યારે અંકિતા લોખંડેએ પણ ઉત્સાહ સાથે ગણપતિનું સ્વાગત કર્યું હતું.

## સુનીતા આહુજાના ઘરે ગણપતિ બાપ્પાનું સેલિબ્રેશન, ગોવિંદા ન દેખાયો



મુંબઈ, તા. ૧૪: ગણેશ ચતુર્થીના અવસરે બોલિવૂડ એક્ટર ગોવિંદાનાં પત્ની સુનીતા આહુજાના ઘરે ગણપતિ બાપ્પાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગણેશોત્સવ દરમિયાન પુત્ર યશવર્ધન તથા પુત્રી ટીના પણ હાજર રહ્યા હતા. જોકે, આ દરમિયાન ગોવિંદા જોવા મળ્યો નહોતો. પેપરાઝીઓએ જ્યારે પરિવારની તસવીરો અને વીડિયો કેમેરામાં કેપ્ચર કર્યા ત્યારે સુનીતાએ તેમને લાડુનો પ્રસાદ આપ્યો હતો. ગણેશ ચતુર્થીના એક દિવસ પહેલાં રવિવારે સુનીતા આહુજા ગણપતિ બાપ્પાને ઘરે લઈને આવ્યા હતા. આ દરમિયાન તેઓ એકલા જ ઢોલના તાલે ડાન્સ કરતા નજરે પડ્યા હતા. ત્યારે પણ ગોવિંદા તેમની સાથે જોવા મળ્યા નહોતો.

## સોહેલ ખાનના ઘરે થઈ ગણપતિ પૂજા



મુંબઈ, તા. 14: મુંબઈમાં ગણેશોત્સવની ધૂમ વચ્ચે અભિનેતા સોહેલ ખાનના ઘરે પણ ગણપતિ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ પ્રસંગે ખાન પરિવારના અનેક સભ્યો એકસાથે જોવા મળ્યા હતા. અર્પિતા ખાન શર્મા, અલવીરા ખાન અગ્નિહોત્રી અને માતા સલમા ખાન સોહેલના ઘરે ગણપતિ બાપ્પાના દર્શન અને પૂજા-અર્ચના માટે પહોંચ્યા હતા. પરિવારે પૂરી શ્રદ્ધા અને ઉત્સાહ સાથે બાપ્પાનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન ઘરે ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. અર્પિતા અને અલવીરા પરંપરાગત અંદાજમાં જોવા મળ્યા હતા, જ્યારે સલમા ખાન પણ પરિવાર સાથે ગણપતિ પૂજામાં સામેલ થયા હતા. ખાન પરિવાર દર વર્ષે ગણેશોત્સવને ખાસ અંદાજમાં ઉજવે છે. એવામાં સોહેલ ખાનના ઘરે થયેલી આ પૂજામાં પરિવારની એકજૂથતા અને બાપ્પા પ્રત્યેની આસ્થા સ્પષ્ટપણે જોવા મળી હતી.

## નફીસા અલીને સ્ટેજ 4 કેન્સર, હાલત ગંભીર




મુંબઈ, તા. 14: દિગ્ગજ બોલિવૂડ અભિનેત્રી નફીસા અલી છેલ્લાં ઘણાં વર્ષોથી કેન્સર સામે લડાઈ લડી રહી છે. જોકે, હવે જણાવવામાં આવી રહ્યું છે કે, તેમનું ઓવેરિયન અને પેરિટોનિયલ કેન્સર આગળ વધી ગયું છે. આની સીધી અસર તેમની સારવાર પર પડી છે જેને હવે ડોક્ટર્સે બદલી નાખી છે. નફીસા અલીએ પોતાના હાલચાલ વિશે ખુદ વીડિયો શેર કર્યો છે. નફીસા અલી ખૂબ જ પોઝિટિવિટી સાથે કેન્સર સામે પોતાની જંગ લડી રહી હતી અને પોતાની તસવીરો તથા વીડિયોથી તમામ બીજા પીડિત લોકોને પણ મોટિવેટ કરે છે. હવે નફીસાએ જે લેટેસ્ટ તસવીર શેર કરી છે તેમાં તે હોસ્પિટલના બેડ પર હસતી નજરે પડી રહી છે અને તેના હાથમાં આઈવી ડ્રિપ લાગેલી છે. નફીસા અલીએ થોડા સમય પહેલાં જણાવ્યું હતું કે, તેમનું ઓવેરિયન કેન્સર (અંડાશયનું કેન્સર) ચોથા સ્ટેજ પર પહોંચી ગયું છે.

# FATFના ડરે પાકિસ્તાનનો 'ડ્રામા': મસૂદ અઝહર પર ઈનામ વધાર્યું

**સિંધમાં** જ બેઠેલા મસૂદ અઝહર પર ૭૦ લાખના ઇનામનો 'ડોળ'', મોસ્ટ વોન્ટેડ ગણાવ્યો

**એફઆઈએની** 'રેડ બુક'માંથી ૨૬/૧૧ મુંબઈ હુમલાના બે આતંકીઓની વિગતો ગાયબ



ઈસ્લામાબાદ-નવી દિલ્હી, તા. 14: ઓક્ટોબર મહિનામાં યોજાનારી ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)ની પ્લેનરી બેઠક પહેલાં જ પાકિસ્તાનની ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (FIA)એ મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની નવી યાદી જાહેર કરી છે. જેમાં જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર પરનું ઈનામ 20 લાખ પાકિસ્તાની રૂપિયાથી વધારીને 70 લાખ કરવામાં આવ્યું છે.

પાકિસ્તાન સતત દાવો કરી રહ્યું છે કે અઝહર અફઘાનિસ્તાનમાં છુપાયેલો છે, પરંતુ ભારતીય ગુપ્તચર એજન્સીઓના ટેકનિકલ એનાલિસિસ મુજબ તે પાકિસ્તાનના સિંધ પ્રાંતના નવાબશાહમાં હાજર છે. ભારતીય સૂત્રોના મતે, FATFના કડક પગલાં અને સમીક્ષાથી બચવા માટે પાકિસ્તાને FIAની 'રેડ બુક 2026'માં આ ઈનામ વધારવાનો ડોળ કર્યો છે. મસૂદ અઝહર ફેબ્રુઆરી 2019ના પુલવામા ત્રાસવાદી હુમલા સહિત અનેક ગુનાઓમાં ભારતમાં મોસ્ટ વોન્ટેડ છે. FIAની નવી રેડ બુકમાં ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલામાં મદદ કરનારા ૧૯ આતંકીઓના નામો પણ સામેલ છે. જોકે, પાકિસ્તાને ચાલાકી વાપરીને મુહમ્મદ ખાન અને અબ્દુલ રહમાન નામના બે મુખ્ય લશ્કર-એ-તૈયબા (LeT)ના આતંકીઓના ફોટોગ્રાફ્સ, લશ્કર સાથેના જોડાણ અને ઓપરેશનલ વિગતો નવી યાદીમાંથી હટાવી દીધી છે.

ભારતીય એજન્સીઓએ પાકિસ્તાનની આ કાર્યવાહીને માત્ર આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ગણાવ્યો છે.ઉલ્લેખનીય છે કે, ભારતીય સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પાકિસ્તાનના બહાવલપુરમાં આવેલા જૈશ-એ-મોહમ્મદના મુખ્ય મથક 'મરકઝ સુભાનઅલ્લાહ'ને નષ્ટ કરી દેવામાં આવ્યું હતું. આ સેન્ટર 2015થી કાર્યરત હતું અને પુલવામા હુમલાના આયોજન તેમજ આતંકી તાલીમ માટેનો મુખ્ય અડ્ડો હતું.

# ઈમરાન ખાનના એક્સ-વાઈફ જેમીમાએ કર્યા બીજા લગ્ન

**ભવ્ય** સમારોહમાં 62 વર્ષીય ઉદ્યોગપતિ ઓ'રાઇલી અને 52 વર્ષીય જેમીમા લગ્નના બંધને બંધાયાં



લંડન, તા. 14 (PTI) પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની ભૂતપૂર્વ પત્ની જેમીમા ગોલ્ડસ્મિથે મલ્ટી-મિલિયોનર ફાઈનાન્સર કેમેરોન ઓ'રાઈલી સાથે બીજાં લગ્ન કર્યાં છે. તેમના પરિવારે આ સમાચારની ઉજવણી કરતાં આ વાતની પુષ્ટિ કરી છે.

52 વર્ષીય ફિલ્મ-નિર્માતાનાં લગ્ન પાકિસ્તાની ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા ઈમરાન ખાન સાથે લગભગ નવ વર્ષ સુધી રહ્યા હતા. ત્યાર બાદ 2004માં છૂટાછેડા થયા હતા. આ દંપતીને બે પુત્રો સુલેમાન અને કાસિમ છે.

જેમીમા ગોલ્ડસ્મિથના ભાઈ બેનની પત્ની જેમીમા જોન્સે પોતાના પતિ સાથે પોઝ આપતા ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં લખ્યું, "તેમના મનપસંદ સાથી સાથે જેમીમા અને કેમેરોનના લગ્નની ઉજવણી કરી રહ્યા છીએ, કેટલો ખુશનો દિવસ છે."

62 વર્ષીય આઈરિશ ઓસ્ટ્રેલિયન ઉદ્યોગપતિ ઓ'રાઈલી અને જેમીમા ગોલ્ડસ્મિથે વીકએન્ડ દરમિયાન એક ભવ્ય સમારોહમાં લગ્નના બંધને બંધાયા હોવાનું માનવામાં આવે છે.

નવપરિણિત યુગલ ફિલ્મ અને ડોક્યુમેન્ટ્રીમાં તેમના સમાન રસ દ્વારા મળ્યા હોવાનું માનવામાં આવે છે. પ્રોડક્શન કંપની 'ઈન્સ્ટિંક્ટ પ્રોડક્શન્સ'ના સ્થાપક જેમીમા ગોલ્ડસ્મિથે શેખર કપૂર દ્વારા નિર્દેશિત ક્રોસ-કલ્ચરલ રોમેન્ટિક કોમેડી 'વોટ્સ લવ ગોટ ટુ ડૂ વિથ ઈટ?' સહિત અનેક શો અને ફિલ્મો લખી અને નિર્માણ કરી છે.





LIONS UMRA PIPLOD EDUCATION SOCIETY, SURAT.
SHARDAYATAN SCHOOL
Opp.Lake-view Garden,Piplod,Surat-7.
www.shardayatan.in
Email Id :- info@shardayatan.in
ADMISSIONS OPEN (Academic Year 2027-2028)
Nur., Jr.Kg., Sr.Kg (ENGLISH MEDIUM)
- Admission forms will be available from Dt. 16/09/2026 WEDNESDAY to Dt. 03/10/2026 SATURDAY between 9.00 a.m. to 11.00 a.m. for Nur., Jr.Kg., Sr.Kg only.
- Online forms will also be available on school website www.shardayatan.in from 16/09/2026 WEDNESDAY to 03/10/2026 SATURDAY for Nur., Jr.Kg., Sr.Kg only.

Eligibility for admission
- Child must have completed 3 years on Dt. 01/06/2027 for Nur. & 4 years on 01/06/2027 for Jr. Kg. & 5 years on Dt. 01/06/2027 for Sr. Kg.
- Attested copy of English version of Birth Certificate is to be submitted to get an admission form.
- Admission forms duly filled - along with copy of English version of birth certificate and Aadhar card will be accepted during the same period. Forms with incomplete information will be rejected.
- Our school is affiliated to GSEB Board.
- Parents need to confirm the admission of their child within 10 days after receiving the admission form.

- SCHOOL COMMITTEE

લાયન્સ ઉમરા–પીપળોદ એજ્યુકેશન સોસાયટી, સુરત.
શારદાયતન શાળા
લેકવ્યુ ગાર્ડનની સામે, પીપળોદ, સુરત–૭.
www.shardayatan.in
Email Id :- info@shardayatan.in
પ્રવેશ અંગે (શૈ.વર્ષ ૨૦૨૭–૨૮)
પૂર્વ પ્રાથમિક વિભાગ (ગુજરાતી / ગ્લોબલ ગુજરાતી માધ્યમ)
- આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૭–૨૮ માટે જુ.કે.જી. (નર્સરી) / સિ.કે.જી., બાલવાટિકાના પ્રવેશપત્રો તા. ૧૬/૦૯/૨૦૨૬ બુધવાર થી તા. ૦૩/૧૦/૨૦૨૬ શનિવારના રોજ બપોરે ૧૨ થી ૩ કલાક દરમ્યાન મળશે.
- તા. ૧૬/૦૯/૨૦૨૬ બુધવાર થી તા. ૦૩/૧૦/૨૦૨૬ શનિવાર સુધી શાળાની વેબસાઈટ www.shardayatan.in પરથી એનલાઈન ફોર્મ ભરી શકશો.
- જુ.કે.જી. માટે તા. ૦૧/૦૬/૨૦૨૭ ના રોજ ત્રણ વર્ષ પૂરા થયેલાં બાળકો જ પ્રવેશને પાત્ર રહેશે.
- સિ.કે.જી. માટે તા. ૦૧/૦૬/૨૦૨૭ ના રોજ ચાર વર્ષ પૂરા થયેલાં બાળકો જ પ્રવેશને પાત્ર રહેશે.
- બાલવાટિકા માટે તા. ૦૧/૦૬/૨૦૨૭ ના રોજ પાંચ વર્ષ પૂરા થયેલાં બાળકો જ પ્રવેશને પાત્ર રહેશે.
- પ્રવેશ ફોર્મ મેળવવા માટે અંગ્રેજી જન્મ તારીખના દાખલાની પ્રમાણિત નકલ અવશ્ય રજૂ કરવી.
- સંપૂર્ણ વિગત ભરેલ પ્રવેશપત્ર – અંગ્રેજી જન્મના દાખલાની નકલ સાથે આ જ સમયગાળા દરમ્યાન કાર્યાલયમાં પરત સ્વીકારવામાં આવશે.
- ગ્લોબલ ગુજરાતી (ગુજલીશ) માધ્યમમાં વિદ્યાર્થીઓને ક્રમશઃ ગણિત અને વિજ્ઞાન વિષયો અંગ્રેજી ભાષામાં શીખવવામાં આવશે.
- પ્રવેશપત્ર મેળવ્યા બાદ સંપૂર્ણ માહિતી સાથે ભરેલ પ્રવેશપત્રો દિન–૧૦ માં શાળાની વહીવટી ઓફિસમાં જમા કરાવી એડમિશન કન્ફર્મ કરાવી લેવાનું રહેશે.

શાળા સમિતિ




**NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public Offer of its Equity Shares and has filed a red herring prospectus dated September 10, 2026 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com; JM Financial Limited at www.jmfl.com; Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india; Citigroup Global Markets India Private Limited at https://www.citigroup.com/global/about-us/globalpresence/india; HSBC Securities and Capital Markets (India) Private Limited at www.business.hsbc.co.in; J.P. Morgan India Private Limited at www.jpmipl.com; Anand Rathi Advisors Limited at www.anandrathiib.com; Avendus Capital Private Limited at www.avendus.com; Axis Capital Limited at www.axiscapital.co.in; DAM Capital Advisors Limited at www.damcapital.in; Equirus Capital Limited (*formerly known as Equirus Capital Private Limited*) at www.equirus.com; HDFC Bank Limited at www.hdfc.bank.in; ICICI Securities Limited at www.icicisecurities.com; IDBI Capital Markets & Securities Limited at www.idbicapital.com; IIFL Capital Services Limited (*formerly known as IIFL Securities Limited*) at www.iiflcapital.com; Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com; Nuvama Wealth Management Limited at www.nuvama.com; Pantomath Capital Advisors Private Limited at www.pantomathcapital.com, 360 ONE WAM Limited at www.360.one and SBI Capital Markets Limited at www.sbicaps.com, the website of BSE at www.bseindia.com and the website of our Company at www.nseindia.com. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section "*Risk Factors*" beginning on page 26 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision but should only rely on the information included in the RHP filed by the Company with the RoC, the SEBI and the Stock Exchange.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "U.S. QIBs" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.